**<u>ફોજદારી કેસ નંબર–૨૬૯ /૨૦૧૯ ના કામે આંક ૧ લગતનો હુકમ:–</u>**

૧) ફરીયાદી ઘ્વારા હાલની ફરીયાદ રાસાયણીક ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ ના ખંડ – ૧૯(અ) ની જોગવાઈના ભંગ સબબ આવશ્યક ચીજ વસ્તુ ધારા – ૧૯૫૫ ની કલમ – ૭(૧)(એ)(૨) મુજબ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતા, સદર કામ છેલ્લા ત્રણ વર્ષ ઉપરાંતથી આરોપીઓને પકડ વોરંટ બજવા માટે પેન્ડીંગ છે. પરંતુ સદર કામે ફરિયાદી કે તેમના વિઘ્વાન વકીલશ્રી છેલ્લા ત્રણ વર્ષ ઉપરાંતથી હાજર રહેલા નથી. આ કામમા ફરિયાદ પક્ષ ઘ્વારા આરોપી પર પ્રોસેસ બજાવવા માટેની પ્રોસેસ બજાવવા માટેની કોઈ અરજી ઘણા સમયથી રજૂ કરવામાં આવેલા નથી કે અત્રેની કોર્ટમા હાજર રહી આરોપીને પ્રોસેસ બજવણી કરવા સારુ કોઈ સરનામુ રજુ કરતા નથી કે કોઈ કાર્યવાહી કરતા નથી.

૨) આ કામના ફરિયાદી લાંબા સમયથી હાજર રહેલા નથી કે આરોપીઓ ઉપરની પ્રોસેસની બજવણીમા કોઈ રસ દાખવેલ નથી.આવા સં જોગોમા ફરિયાદપક્ષે કોર્ટમા હાજર રહીને કાર્યવાહી સક્રિય પણે આગળચાલ ે તેવા કોઈજ પ્રયાસ કરેલા નથી તેવું રેકર્ડ ઉપરથી જણાઈ આવેછે.

૩) કામ બજવણીના તબ્કકે હોવા માત્રથી ફરિયાદી હાજર ના રહે અને કોઈપણ જાતની પ્રોસેસ બજાવવાની કાર્યવાહી કરવા માટે આગળ ના આવે તે ઈચ્છનીય નથી,ફરીયાદી સરકારી કર્મચારી છે તથા હાલની કાર્યવાહીનો દોર આગળ ચલાવવા માટેના સક્રિય પ્રયાસો તેમણે કરવા જોઈએ તેમજ આરોપીઓ પરના પ્રોસેસ બજાવવા માટે સરનામા રજૂ કરીને કાર્યવાહી આગળ ધપાવવાની હોયછે પરંતું તેવાકોઈ સક્રિય પ્રયાસો કરવામાં આવેલ હોવાનું જણાય આવતું નથી. કાયદાકીય જોગવાઈ મુજબ હાલના કેસની કાર્યવાહી ઝડપથી પુર્ણ કરવાની હોયછે પરંતુ આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતા લાં બા સમયથી ફરિયાદી હાજર રહેતા નથી. આજરોજ પણ પોકાર કરવા છતાય

ફરિયાદી હાજર નથી અને તેમના તરફે કોઈ વિધ્વાન વકીલશ્રી પણ હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ પણ રજુ રાખવામાં આવેલ નથી,તેવા સંજોગોમા ફાઈલ પ્ર ોસેસ બજવાના તબ્કકે કામગીરી એમ ને એમ પડી રહેલછે.

૪) આ સબંધે ના.ગુજરાત હાઈકોર્ટનો ભવાની વીરુધ્ધ એપીરીયન્સનો ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯ માં તા—૧૮/૦૧/૨૦૧૦ નો ચુકાદો ધ્યાને લેતાં,તેમાં ના.ગુજરાત હાઈકોર્ટે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ—૨૫૬ ની છણાવટ કરી ઠરાવેલછે કે,જો ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાંબાસમયથી કાર્યવાહીમાં હાજર ન રહેતા હોય અને કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસો ન હોય તો, ફરીયાદપક્ષની બેદરકારી કહેવાય અને તેવી બેદરકારીના કારણે ફરીયાદીની ફરીયાદ રદૃ થવાને પાત્ર છે.

૫) આમ,ઉપરમુજબ કરેલ ચર્ચા મુજબ ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાં બા સમયથી કાર્યવાહીમાં હાજર રહેલ ન હોય કે, આરોપી ઉપર પ્રોસેસ બજાવવા માટેની કાર્યવાહી લાંબા સમયથી કરવામાં આવેલ ન હોય કે આરોપીઓનુ કોઈ સરનામુ રજુ કરતા ન હોય તે ધ્યાને રાખતાં ફોજદારી કાર્યવાહી અીધનિયમની કલમ—૨૦૪(૪) અને કલમ—૨૫૬ ને સંયુકત અને પૃથ્થકરણ રીતે વાંચતા હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદૃ થવાને પાત્ર હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેછે.

<u>—: હુકમ :—</u>

ફરિયાદીની ગેરહાજરી તથા પ્રોસેસની બજવણીની ખામીના કારણે હાલની ફરિયાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૦૪(૪) તથા કલમ ૨૫૬ અન્વયે રદૃ કરવામા આવે છે તથા આરોપીઓને તેમની વીરુધ્ધ રાસાયણીક ખાતર નિયંતણ હુકમ ૧૯૮૫ ના ખંડ – ૧૯(અ) ની જોગવાઈના ભંગ સબબ આવશ્યક ચીજ વસ્તુ ધારા – ૧૯૫૫ ની કલમ – ૭(૧)(એ)(૨)

ના તહોમત માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેછે.

આજ તા–૨૨,માહે–જુલાઈ,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા–૨૨/૦૭/૨૦૨૬.**
**કેશોદ.**

**(વાલજીભાઈ શામજીભાઈ પટેલ)**
**પ્રિન્સી.સીની. સિવિલજજ અને,**
**એડી. ચીફ જ્યુડી. મેજી.ફર્સ્ટકલાસ,**
**કેશોદ.**
**કોડનં.જીજે૦૧૪૮૪.**